सत्यमेव जयते

**ગુજરાત સરકાર**

## સામાન્ય વહીવટ વિભાગ

# ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧
# (તારીખ ૧૦-૨-૨૦૧૨ સુધી સુધારેલ)

સામાન્ય વહીવટ વિભાગ,
કર્મચારીગણ પ્રભાગ/તપાસ એકમ,
નવા સચિવાલય, ગાંધીનગર

## અનુક્રમણિકા

## ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧


| વિષય | નિયમ | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પડવા બાબત ........ | ૧ | ૪ |
| વ્યાખ્યાઓ ........ | ૨ | ૪ |
| **સામાન્ય ........** | ૩ | ૫ |
| ત્વરા અને વિવેક ........ | ૩-ક | ૫ |
| કામ કરતી મહિલાઓની જાતીય સતામણીની મનાઈ ........ | ૩-ખ | ૬ |
| ૧૪ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને કામે રાખવા પર પ્રતિબંધ ........ | ૩-ગ | ૬ |
| સરકારી આશ્રય ભોગવતી કંપની અથવા પેઢીમાં સરકારી કર્મચારીઓના નજીકના સગાને નોકરીમાં રાખવા બાબત ........ | ૪ | ૭ |
| રાજકારણ અને ચૂંટણીઓમાં ભાગ લેવા બાબત ........ | ૫ | ૮ |
| દેખાવો અને હડતાલ ........ | ૬ | ૮ |
| સરકારી કર્મચારીઓએ મંડળમાં જોડાવા બાબત ........ | ૭ | ૯ |
| પ્રેસ અથવા રેડિયો સાથેનો સંબંધ ........ | ૮ | ૯ |
| સરકારની ટીકા ........ | ૯ | ૧૦ |
| અનધિકૃત રીતે માહિતી પુરી પાડવી ........ | ૧૦ | ૧૦ |
| સમિતિ અથવા બીજા કોઈ સત્તાધિકારી સમક્ષ પુરાવો ........ | ૧૧ | ૧૦ |
| ફાળો ........ | ૧૨ | ૧૧ |
| ભેટ ........ | ૧૩ | ૧૧ |
| દાયજો ........ | ૧૩-ક | ૧૨ |
| સરકારી કર્મચારીના માનમાં જાહેરસભા અથવા અન્ય આદરસત્કાર ........ | ૧૪ | ૧૩ |
| ખાનગી ધંધો અથવા રોજગાર ........ | ૧૫ | ૧૩ |
| રોકાણ, ઉછીનું આપવું અને ઉછીનું લેવું ........ | ૧૬ | ૧૫ |
| નાદારી અને હંમેશનું દેવું ........ | ૧૭ | ૧૬ |
| સરકારી કર્મચારીઓ તેની સામે થયેલી ફોજદારી અથવા દિવાની કાર્યવાહી અંગે સરકારને જાણ કરવા બાબત ........ | ૧૮ | ૧૭ |
| જંગમ સ્થાવર અને કિંમતી મિલકત ........ | ૧૯ | ૧૭ |
| સરકારી કર્મચારીના કાર્યોને અને ચારિત્ર્ય નિર્દોષ સિધ્ધ કરવા બાબત ........ | ૨૦ | ૨૦ |
| કોઈપણ મિલકત ખરીદવા અથવા હરાજીમાં તેને માટે બોલી (માંગણી) મૂકવા અથવા તેની માલિકી ધરાવવા બાબત ........ | ૨૧ | ૨૦ |

| વિષય | નિયમ | પૃષ્ઠ નં. |
|---|---|---|
| લવાદ તરીકે કામગીરી બજાવવા બાબત ...................................................... | ૨૨ | ૨૧ |
| બિન-સરકારી અથવા બીજી બહારની વગનો ઉપયોગ કરવા બાબત ................. | ૨૩ | ૨૧ |
| કોમી સંસ્થાના સભ્ય થવા બાબત અથવા તેની સાથે સંપર્ક રાખવા બાબત .......... | ૨૪ | ૨૧ |
| જાહેર સંસ્થા અથવા કામો સાથે કોઈપણ સરકારી કર્મચારીનું જોડવા બાબત.......... | ૨૫ | ૨૧ |
| એકની હયાતીમાં અન્ય વ્યક્તિ સાથે લગ્ન કરવા બાબત.................................. | ૨૬ | ૨૧ |
| સરકારી કર્મચારીઓને નાનું કુટુંબ રાખવા બાબત ......................................... | ૨૬-ક | ૨૨ |
| | | |
| અર્થઘટન ........................................................................................ | ૨૭ | ૨૨ |
| સત્તાની સોંપણી ............................................................................... | ૨૮ | ૨૨ |
| રદ કરવા બાબત અને અપવાદ ................................................................ | ૨૯ | ૨૨ |
| સુધારાની યાદી ............................................................................... | -- | ૨૪ |

## અંગ્રેજી ઉપરથી અનુવાદ (તારીખ ૧૦-૨-૨૦૧૨ સુધી સુધારેલ)
## સામાન્ય વહીવટ વિભાગ
## જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૦મી ઓગષ્ટ, ૧૯૭૧

**ભારતનું સંવિધાન**

ક્રમાંક : જીએસ-૭૧-સીડીઆર/૧૨૬૬-આઈ-જી-ભારતના સંવિધાનની કલમ ૩૦૯થી મળેલી સત્તાની રૂએ અને મુંબઈ પુનર્રચના અધિનિયમ, ૧૯૬૦ની કલમ ૮૧ ની પેટા કલમ ૬ના પરંતુક હેઠળ કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરીથી ગુજરાતના રાજ્યપાલ, આથી નીચેના નિયમો કરે છે :--

૧. <u>ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પડવા બાબત :-</u>

(૧)આ નિયમો ''ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧'' કહેવાશે.

(૨)તે તા. ૧૫મી ઓગસ્ટ, ૧૯૭૧થી અમલમાં આવશે.

(૩) જેમની નોકરીની શરતોનું નિયમન સંવિધાનની કલમ ૩૦૯ હેઠળ કરેલા નિયમો અનુસાર કરવામાં આવતું હોય તેવી ગુજરાત રાજ્યની કામગીરીને લગતી રાજય સેવાઓમાં અને જગ્યાઓ ઉપર નીમાયેલી બધી વ્યક્તિઓને આ નિયમો લાગુ પડશે.

પરંતુ આ નિયમોનો કોઈપણ મજકૂર અખિલ ભારતીય સેવાઓમાંનીવ્યકિતઓનેલાગુ પડશે નહિ.

વધુમાં, નિયમ-૨, ૩, ૫, ૬, ૧૨, ૧૫ અને ૧૯ સિવાય આ નિયમોનો કોઈપણ મજકૂર મુંબઈ ગ્રામ પોલીસ અધિનિયમ, ૧૮૬૭ હેઠળ પોલીસ પટેલ તરીકે નીમાયેલી વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૨. <u>વ્યાખ્યાઓ :-</u>

(ક)''સરકાર'' એટલે ગુજરાત સરકાર.

(ખ)''સરકારી કર્મચારી''એટલે ગુજરાત રાજ્યની કામગીરીને લગતી કોઈપણ રાજ્યસેવામાંઅથવા જગ્યા પર નિમાયેલી કોઈપણ વ્યક્તિ, અને તેમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે :-

(૧)ભારતમાંની અન્ય સરકારોમાં પ્રતિનિયુકિત પર હોય તેવા સરકારી કર્મચારી.

(૨) રાજ્યેતર સેવામાંના સરકારી કર્મચારી.

(ગ) સરકારી કર્મચારીના ''કુટુંબના સભ્યો''માં નીચેનાનો સમાવેશ થાય છે :-

(૧) સરકારી કર્મચારી સાથે રહેતી હોય કે ન હોય તેવી સરકારી કર્મચારીની પત્ની અથવા પતિ, પરંતુ જેણે સત્તા ધરાવતી કોર્ટના હુકમનામા અથવા હુકમથી અથવા સરકારી કર્મચારીને લાગુ પડતા અંગત કાયદા અનુસાર સરકારી કર્મચારી પાસેથી ફારગતી લીધી હોય તેવી પત્ની અથવા પતિનો આમાં સમાવેશ થતો નથી.

(૨) સરકારી કર્મચારી પર સંપૂર્ણ રીતે આશ્રિત તેવો તેનો પુત્ર કે પુત્રી અથવા ઓરમાન પુત્ર કે પુત્રી, પરંતુ સરકારી કર્મચારી પર કોઈપણ રીતે આશ્રિત તરીકે ચાલુ ન હોય અથવા કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ જેનો કબજો સરકારી કર્મચારી પાસેથી લઈ લેવામાં આવ્યો હોય એવા બાળક અથવા ઓરમાન બાળકનો એમાં સમાવેશ થતો નથી.

(૩) સરકારી કર્મચારી સાથે અથવા સરકારી કર્મચારીની પત્ની અથવા પતિ સાથે લોહી સંબંધ કે વિવાહ સંબંધને કારણે સગપણ ધરાવતી અને સરકારી કર્મચારીની સંપૂર્ણપણે આશ્રિત એવી બીજી કોઈપણ વ્યક્તિ.

=(ઘ) આ નિયમોમાં જે શબ્દો અને શબ્દપ્રયોગો વાપરવામાં આવ્યા હોય પણ જેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો, ગુજરાત મુલકી સેવા (સેવાની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ અથવા ગુજરાત રાજય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,૧૯૬૭માં, તેમનો જે અર્થ આપવામાં આવ્યો છે તે થશે.

=[ સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૦-૨-૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક જીએસ-૨૦૧૨-(૩)/સીડીઆર/૧૦૯૬/૨૮૯/તએ થી આ આ સુધારા (પેટા નિયમો) મુકેલા છે. ]

૩. <u>સામાન્ય :-</u>

**(૧) દરેક સરકારી કર્મચારીએ હંમેશા :-**

(૧) સંપૂર્ણપણે પ્રામાણિક રહેવું,

(૨) ફરજ પ્રત્યે નિષ્ઠા કેળવવી, અને

(૩) સરકારી કર્મચારીને છાજે નહી એવું કશું કરવું નહિ.

X **<u>સ્પષ્ટીકરણ</u> :-** જે કોઈ સરકારી કર્મચારી, જે તે હેતુ માટે પોતાને સોંપેલ કામ નિયત સમયમાં અને તેની પાસેથી અપેક્ષિત બજવણીની ગુણવત્તા સાથે તે બજાવવામાં હંમેશાં ચૂક કરે તે સરકારી કર્મચારીને, ખંડ(૨)ના અર્થ મુજબ ફરજ પ્રત્યેની નિષ્ઠામાં અભાવ છે એમ ગણાશે.

X (સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૮ના જાહેરનામા ક્ર. જી.એસ-૮૮/૭૨/સીડીઆર/૧૦૮૭/યુ.ઓ.-૧૨/ખાતાકીય તપાસ એકમથી આ મજકૂર મૂક્યો છે.)

(૨) પોતાની સરકારી ફરજો બજાવતી વેળા અથવા પોતાને સોંપાયેલી સત્તાનો અમલ કરતી વેળા કોઈપણ સરકારી કર્મચારીએ પોતાના પૂરા નિર્ણય વિવેકાનુસાર હોય તેથી અન્યથા કાર્ય કરવું નહિ. સિવાય કે પોતાના અધિકારીની સૂચના હેઠળ કાર્ય કરતો હોય ત્યારે તેણે શક્ય હોય ત્યાં સુધી આવી સૂચના લેખિત મેળવવી અને સૂચના લેખિત મેળવવાનું શક્ય ન હોય ત્યાં તેણે સૂચના અપાયા બાદ એ સૂચનાનું લેખિત સમર્થન શક્ય તેટલી ત્વરાએ મેળવી લેવું.

(૩) આ નિયમોમાં જેની ચર્ચા કરાઈ છે તે વિષય સંબંધમાં સરકારે મંજૂર કરેલા અથવા સરકાર હવે પછી મંજૂર કરે તેવા બધા ખાતાકીય નિયમો અને હુકમો, આ નિયમોની કોઈપણ જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલે અંશે સંબંધકર્તા સરકારી કર્મચારીઓને લાગુ પડશે.

**<u>સ્પષ્ટીકરણ</u> :-** પેટા નિયમ (૨)ના કોઈ મજકૂરથી સરકારી કર્મચારીને સત્તા અને જવાબદારીઓની વહેંચણીની યોજના હેઠળ આવી સૂચનાઓ જરૂરી ન હોય ત્યારે પણ ઉપરી અધિકારી અથવા સત્તાધિકારીની સૂચનાઓ અથવા મંજૂરી મેળવી પોતાની જવાબદારીમાંથી છટકવાનો અધિકાર મળે છે એમ સમજવું નહિ.

˚ ૩ક. <u>ત્વરા અને વિવેક</u>

કોઈપણ સરકારી કર્મચારી,-

(ક)પોતાની સરકારી ફરજો બજાવતી વખતે અવિવેકી વર્તન કરી શકશે નહિ.

(ખ) લોકો સાથેના પોતાના સરકારી કામકાજમાં અથવા અન્યથા પોતાને સોંપાયેલ કામગીરીના નિકાલમાં વિલંબકારી યુક્તિપ્રયુક્તિ અપનાવી શકશે નહિ.અથવા તેમાં જાણીબૂઝીને વિલંબ કરી શકશે નહિ.

˚ (સા.વ.વિ.ના જાહેરનામા ક્ર.-જીએસ-૨૦૦૫-(૮)-સીડીઆર-૧૧૨૦૦૫-યુઓ-૨૪૮-તપાસ એકમ તા. ૧-૬-૦૫થી આ નિયમ દાખલ કર્યો છે.)

**#૩-ખ.<u>કામકરતી મહિલાઓની જાતીય સતામણીની મનાઈ</u> :-**

(૧)કોઈપણ સરકારી કર્મચારી, કોઈપણ મહિલાને તેણીના કામના સ્થળે જાતીય સતામણીનું કોઈપણ કૃત્ય કરી શકશે નહિ.

(૨) કામના સ્થળનો હવાલો ધરાવનાર દરેક સરકારી કર્મચારીએ, આવા કામના સ્થળે કોઈપણ મહિલા જાતીય સતામણી અટકાવવા માટે યોગ્ય પગલાં લેવા જોઈએ.

**સ્પષ્ટીકરણઃ-** આ નિયમના હેતુઓ માટે, ''જાતીય સતામણી''માં સીધી રીતે અથવા અન્યથા અણછાજતા જાતીય વર્તનનો સમાવેશ થાય છે, જેવા કેઃ-

(ક) શારીરિક સ્પર્શ અને તેમાં આગળ વધવું.

(ખ) જાતીય સંમતિ માટે માંગણી અથવા વિનંતી કરવી.

(ગ) જાતીય ઉત્તેજનાવાળી ચેષ્ટા કરવી.

(ઘ) કોઈપણ અશ્લીલ સાહિત્ય બતાવવું, અથવા

(ચ) શારીરિક, મૌખિક અથવા ઈશારાથી કરેલ બીજું કોઈપણ પ્રકારનું અણછાજતું વર્તન.

(# સા.વ.વિ.ના જાહેરનામા ક્રમાંક : જીએસ/ ૯૯/૯/સીડીઆર/૧૦૯૮/૧૭૧/તપાસ એકમ, તા. ૨૪-૩-૧૯૯૯થી આ નિયમ દાખલ કર્યો છે. તથા સા.વ.વિ.ના તા.૧/૬/૨૦૦૫ ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૨૦૦૫/(૮)/સીડીઆર/૧૧૨૦૦૫/યુ.ઓ.૨૪૮/ત.એ. થી તેના નંબર સુધારેલ છે.)

**+૩-ગ <u>૧૪ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને કામે રાખવા ઉપર પ્રતિબંધ.</u>**

કોઈપણ સરકારી કર્મચારી, ૧૪ વર્ષથી મીચેની ઉંમરના કોઈપણ બાળકને કામે રાખી શકશે નહિ.

(+ સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૦-૧૧-૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક : જીએસ-૨૦૦૪-૪૬-સીડીઆર-૧૦૯૭-૧૨૪૬-તપાસએકમથી આ નિયમ દાખલ કર્યો છે..તથા સા.વ.વિ.ના તા.૧/૬/ ૨૦૦૫ ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૨૦૦૫/(૮)/સીડીઆર/૧૧૨૦૦૫/યુ.ઓ.૨૪૮/ત.એ. થી તેના નંબર સુધારેલ છે.)

**૪. <u>સરકારી આશ્રય ભોગવતી કંપની અથવા પેઢીમાં સરકારી કર્મચારીઓના નજીકના સગાને નોકરીમાં રાખવા બાબતઃ-</u>**

(૧) કોઈપણ સરકારી કર્મચારીથી પોતાના કોઈ કુટુંબીજન માટે કોઈ કંપની કે પેઢીમાં નોકરી અપાવવા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાના હોદ્દાનો ઉપયોગ કરી શકાશે નહિ અથવા પોતાની વગ વાપરી શકાશે નહિ.

(૨) (૧) વર્ગ-૧ અથવા વર્ગ-૨ના કોઈપણ અધિકારીથી જેની સાથે તેમને સરકારી કામકાજ રહેતું હોય તેવી કોઈપણ x(કંપની અથવા પેઢીમાં) અથવા સરકારી કામકાજનો સંબંધ રહેતો હોય એવી બીજી કોઈપણ ह(કંપની અથવા પેઢીમાં) પોતાના પુત્રને અથવા પોતાના કોઈ કુટુંબીજનને સરકારની પૂર્વ મંજૂરી વિના નોકરી સ્વીકારવાની છૂટ આપી શકાશે નહિ.

પરંતુ નોકરી સ્વીકારવામાં સરકારની પૂર્વમંજૂરીની રાહ જોઈ શકાય તેમ ન હોય અથવા બીજી કોઈ રીતે તે તાકીદની બાબત લેખાઈ હોય ત્યારે તે બાબતની સરકારને તત્કાળ જાણ કરવી અને સરકારની મંજૂરીને આધીન રહી નોકરી કામચલાઉ સ્વીકારી શકાશે.

(૨) સરકારી કર્મચારીને પોતાના કોઈ કુટુંબીજને કોઈ ह(કંપની અથવા પેઢીમાં) નોકરી સ્વીકાર્યાની જાણ થાય કે તરત તેમણે આવી નોકરી સ્વીકાર્યા અંગે નિયત સત્તાધિકારીને જાણ કરવી અને તે ह(કંપની અથવા પેઢી) સાથે પોતાને કોઈપણ પ્રકારનું સરકારી કામકાજ રહે છે કે રહેતું હતું તેની પણ જાણ કરવી,

પરંતું વર્ગ-૧ અથવા વર્ગ-૨ના અધિકારીએ ખંડ(૧) હેઠળ સરકારની મંજૂરી મેળવી લીધી હોય અથવા સરકારને રિપોર્ટ મોકલ્યો હોય તો તેમની બાબતમાં આવી જાણ કરવાની રહેશે નહિ.

(૩) કોઈ સરકારી કર્મચારીના કોઈ કુટુંબીજન જે ઉપક્રમમાં અથવા જે વ્યક્તિના હાથ હેઠળ નોકરીએ રહેલા હોય અથવા તેમના કોઈ કુટુંબીજન જે બાબત કે કરારમાં બીજી કોઈ રીતે હિત ધરાવતા હોય, તો સરકારી કર્મચારીથી તેમના હોદ્દાની ફરજો બજાવવા દરમિયાન એવા કોઈ ઉપક્રમ અથવા એવી કોઈ વ્યક્તિ સાથે એવી કોઈપણ બાબત અંગે કામકાજ કરી શકશે નહિ અથવા કોઈપણ કરાર કરી શકશે નહિ કે મંજૂર કરી શકશે નહિ અને સરકારી કર્મચારીએ આવી દરેક બાબત અથવા કરાર અંગે પોતાના ઉપરી અધિકારીને જાણ કરવાની રહેશે અને તે પછી જેમને જાણ કરાઈ હોય તે અધિકારીની સૂચના અનુસાર આ બાબત અથવા કરારનો નિકાલ કરવાનો રહેશે.

X( સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫-૪-૧૯૭૬ના જાહેરનામા ક્રમાંક : જીએસ-૭૬-૮૮-સીડીઆર-૧૨૭૬-૨૫૧-ગ, થી આ મજકૂર મૂકયો છે.)

૫. **<u>રાજકારણ અને ચૂંટણીઓમાં ભાગ લેવા બાબતઃ-</u>**

(૧) કોઈપણ સરકારી કર્મચારી, કોઈપણ રાજકીય પક્ષનો અથવા સામાન્ય રીતે રાજકારણમાં ભાગ લેતા કોઈપણ સંગઠનનો સભ્ય થઈ શકશે નહિ તેમજ બીજી કોઈ રીતે તેની સાથે સંબંધ રાખી શકશે નહિ કે કોઈપણ રાજકીય ચળવળ અથવા પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહિ, તેમાં મદદરૂપે ફાળો આપી શકશે નહિ કે બીજી કોઈપણ રીતે તેને મદદ કરી શકશે નહિ.

(૨) ભારતમાં કાયદાથી સ્થપાયેલી સરકાર માટે વિદ્રોહકારી અથવા સીધી કે આડકતરી રીતે વિદ્રોહકારી નીવડે તેવી કોઈપણ ચળવળ કે પ્રવૃત્તિમાં પોતાના કોઈપણ કુટુંબીજનને ભાગ લેતાં, મદદરૂપે ફાળો આપતા અથવા બીજી કોઈ રીતે મદદ કરતા રોકવાની કોશિશ કરવી એ દરેક સરકારી કર્મચારીની ફરજ રહેશે અને કોઈ સરકારી કર્મચારી પોતાના કુટુંબીજનને આવી કોઈ ચળવળ અથવા પ્રવૃત્તિમાં ભાગ લેતાં મદદરૂપે ફાળો આપતા અથવા બીજી કોઈપણ રીતે મદદ કરતા અટકાવી શકે તેમ  ન હોય તો તેમણે સરકારને તે મતલબની જાણ કરવાની રહેશે.

(૩) કોઈપણ રાજકીય પક્ષ છે કે કેમ અથવા કોઈ સંગઠન રાજકારણમાં ભાગ લે છે કે કેમ અથવા કોઈ ચળવળ કે પ્રવૃત્તિ આ નિયમની ક્ષેત્ર મર્યાદામાં આવે છે કે કેમ તેને લગતો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેનો સરકારનો નિર્ણય આખરી ગણાશે.

(૪) કોઈપણ સરકારી કર્મચારીથી  કોઈપણ વિધાનમંડળ અથવા સ્થાનિક તંત્રની ચૂંટણીમાં સીધી યા આડકતરી રીતે પ્રચાર થઈ શકશે નહિ કે તેમાં દખલ કરી શકાશે નહિ કે બીજી કોઈ રીતે પોતાની વગનો ઉપયોગ કરી શકાશે નહિ કે તેમાં ભાગ લઈ શકાશે નહિઃ

પરંતુ

(૧) આવી ચૂંટણીમાં મતદાન કરવાની યોગ્યતા ધરાવતા સરકારી કર્મચારી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે પરંતુ તેમ કરતાં પોતે જે રીતે તે મત આપવા માગતા હોય અથવા મતદાન કરી ચૂકયા હોય તે વિશે તેમનાથી કોઈને કશું સૂચન કરી શકાશે નહિ.

(૨) તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાની રૂએ અથવા તે હેઠળ અથવા સરકારના કોઈ હુકમથી સરકારી કર્મચારીને સોંપાયેલ ફરજનું વિધિસર પાલન કરતી વખતે ચૂંટણી સંચાલનમાં તે મદદ કરે તે કારણસર જ તેણે આ નિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું હોવાનું ગણાશે નહિ.

**<u>સ્પષ્ટીકરણઃ-</u>** સરકારી કર્મચારી પોતાના શરીર, વાહન અથવા રહેઠાણ પર કોઈ ચૂંટણી પ્રતીક પ્રદર્શિત કરે તો આ પેટા-નિયમના અર્થઘટન પ્રમાણે તેણે ચૂંટણીમાં પોતાની વગનો ઉપયોગ કર્યો છે એમ ગણાશે.

**૬. <u>દેખાવો અને હડતાલઃ-</u>**

કોઈપણ સરકારી કર્મચારીથી

(૧) ભારતના સાર્વભૌમત્વ અને એકતાનું હિત, રાજ્યની સલામતી, વિદેશો સાથેના મૈત્રીભર્યા સંબંધો, જાહેર વ્યવસ્થા, શિષ્ટતા અથવા નીતિમત્તાને હાનિકર્તા હોય અથવા કોર્ટનો તિરસ્કાર, બદનક્ષી અથવા ગુનાની ઉશ્કેરણી પેદા કરતા હોય એવા કોઈપણ દેખાવમાં સામેલ થઈ શકશે નહિ, અથવા

(૨) *કોઈપણ પ્રકારની હડતાલનો આશરો લઈ શકાશે નહિ કે તેમાં કોઈ રીતે મદદ કરી શકશે નહિ.

***સ્પષ્ટીકરણઃ**-આ નિયમના હેતુ માટે ‘‘હડતાલ’’ એ શબ્દનો પ્રયોગ એટલે સરકારી કર્મચારીઓએ સમૂહમાં જોડાઈને કામ બંધ કરવું તે અથવા સાથે મળીને કામ કરવાની ના પાડવી તે અથવા ગમે તેટલી સંખ્યાના સરકારી કર્મચારીઓની સહિયારી સમજ હેઠળ કામ કરવાની ના પાડવી તે અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(૧) ઓવરટાઈમ કામ કરવાની જરૂર હોય ત્યારે આવું કામ કરવાની ના પાડવી તે.

(૨) જે વર્તનથી સરકારી કામ બંધ પડવાનો અથવા મહદ્ અંશે ઢીલમાં પડવાનો સંભવ હોય અથવા તે બંધ પડે અથવા મહદ્ અંશે ઢીલમાં પડે તેવું કોઈપણ વર્તન.

* (સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૭-૮-૮૩ના જાહેરનામા ક્રમાંક : ગસ-૬૮-સીડીઆર-૧૨૮૧-૨૫૨-ગ, થી આ મજકૂર કરેલ છે.)

**<u>૭. સરકારી કર્મચારીઓએ મંડળમાં જોડાવા બાબતઃ-</u>**

કોઈપણ સરકારી કર્મચારીથી ભારતના સાર્વભૌમત્વ અને એકતાના હિતને અથવા જાહેર વ્યવસ્થા અથવા નીતિમત્તાને હાનિકર્તા ઉદ્દેશો અથવા પ્રવૃત્તિઓ ધરાવતા મંડળના સભ્ય બની શકાશે નહિ કે ચાલુ રહી શકાશે નહિ.

**૮. <u>પ્રેસ અથવા રેડિયો સાથેના સંબંધઃ-</u>**

(૧)સરકારની પૂર્વમંજૂરી વિના કોઈપણ કર્મચારીથી કોઈ વર્તમાન પત્ર અથવા બીજા સામયિક પ્રકાશનની સુવાંગ કે ભાગીદારીમાં માલિકી ધરાવી શકાશે નહિ કે તેનું સંપાદન કે તેનો વહીવટ કરી શકાશે નહિ કે તેમાં ભાગ લઈ શકાશે નહિ.

(૨)સરકારની અથવા નિયત સત્તાધિકારીની પૂર્વ મંજૂરી વિના અથવા સાચેસાચ પોતાની ફરજો અદા કરવાની હોય તે સિવાય કોઈ સરકારી કર્મચારીથી પોતાના નામે અથવા કોઈના નામ વિના અથવા ઉપનામથી અથવા બીજી કોઈપણ વ્યક્તિના નામેઃ-

(ક) જાતે અથવા પ્રકાશક મારફત પુસ્તક પ્રગટ કરી શકાશે નહિ કે કોઈ પુસ્તક અથવા લેખસંગ્રહમાં લેખ લખી શકાશે નહિ, અથવા

(ખ) રેડિયો પ્રસારણમાં ભાગ લઈ શકાશે નહિ અથવા અખબારમાં કે સામયિકમાં લેખ કે પત્ર લખી શકાશે નહિ.

પરંતુ....

(૧) આવું પ્રકાશન કોઈ પ્રકાશક મારફત કરાયું હોય અને તે સંપૂર્ણ સાહિત્યિક, કલાવિષયક અથવા વૈજ્ઞાનિક પ્રકારનું હોય, અથવા

(૨) આવું લખાણ, પ્રસારણ અથવા લેખ સંપૂર્ણ સાહિત્યિક, કલાવિષયક અથવા વૈજ્ઞાનિક પ્રકારના હોય તો આવી મંજૂરી લેવાની જરૂર નહિ રહે.

**૯. <u>સરકારની ટીકા :-</u>**

કોઈપણ સરકારી કર્મચારીથી કોઈપણ રેડિયો પ્રસારણમાં અથવા પોતાના નામે અથવા કોઈના નામ વિના ઉપનામથી અથવા બીજી કોઈ વ્યક્તિના નામે પ્રગટ થયેલ કોઈપણ લેખમાં અથવા અખબારોને મોકલેલ કોઈપણ લખાણમાં અથવા જાહેર પ્રવચનમાં નીચેના અંગે કોઈ નિવેદન કરી શકાશે નહિઃ-

(૧) કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારની કોઈપણ પ્રવર્તમાન અથવા તાજેતરની નીતિ અથવા પગલાંની પ્રતિકૂળ ટીકારૂપ નીવડનારી કોઈ હકીક્ત કે મંતવ્યઃ

પરંતુ નિયમ-૧ના પેટા નિયમ(૩)માં નિર્દિષ્ટ કરેલા સરકારી કર્મચારીઓના કોઈપણ વર્ગમાં સમાવિષ્ટ કરેલા કોઈ સરકારી કર્મચારીની બાબતમાં, એવા સરકારી કર્મચારીઓની નોકરી-શરતોની સલામતી માટે અથવા તેની સુધારણા માટે એવા સરકારી કર્મચારીઓના ટ્રેડ યુનિયનના હોદ્દેદાર તરીકે તેણે શુદ્ધ આશયથી વ્યક્ત કરેલ મંતવ્યોને આ ખંડમાંનો કોઈ મજકૂર લાગુ પડશે નહિ.

(૨) કેન્દ્ર સરકાર અને કોઈપણ રાજ્ય સરકાર વચ્ચેના સંબંધોમાં મુશ્કેલી પેદા કરનારી હકીક્ત કે મંતવ્ય, અથવા

(૩) કેન્દ્ર સરકાર અને કોઈપણ વિદેશી સરકાર સાથેના સંબંધોમાં મુશ્કેલી પેદા કરનારી હકીક્ત કે મંતવ્યઃ

પરંતુ સરકારી કર્મચારીએ પોતાના હોદ્દાની રૂએ અથવા પોતાને સોંપાયેલ ફરજોનું યોગ્ય પાલન કરતી વખતે કોઈ નિવેદન કે મંતવ્યને આ નિયમમાંનો કોઈ મજકૂર લાગુ પડશે નહિ.

**૧૦. # <u>સરકારી માહિતી પૂરી પાડવા બાબત :-</u>**

દરેક સરકારી કર્મચારીએ, શુધ્ધબુધ્ધિપૂર્વક પોતાની ફરજો બજાવતી વખતે, માહિતીના અધિકાર બાબતના અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ૨૨મા) અને તે હેઠળ કરેલા નિયમો અનુસાર, વ્યકિતને માહિતી પૂરી પાડવી જોઇશેઃ

પરંતુ કોઇ પણ સરકારી કર્મચારીએ, સરકારના કોઇ સામાન્ય અથવા ખાસ હુકમો અનુસાર અથવા તેને સોંપવામાં આવેલી ફરજો શુધ્ધબુધ્ધિપૂર્વક બજાવતી વખતે હોય તે સિવાય, કોઇ સરકારી દસ્તાવેજ અથવા તેનો કોઇ ભાગ અથવા સત્તાવર ગોપનીય (કલાસીફાઇડ) માહિતી સીધી કે આડકતરી રીતે જેતે જાણ કરવાનો પોતાને અધિકાર ન હોય તેવા કોઇ સરકારી કર્મચારી અથવા કોઇ બીજી વ્યકતિને પૂરી પાડવી જોઇશે નહી.

(# સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૮ મી જુલાઇ, ૨૦૦૮ના જાહેરનામા ક્ર. <u>જીએસ-૨૦૦૮-(૮)સીડીઆર-૧૧૨૦૦૭-૯૫૯-તપાસ એકમ</u> થી બદલાયેલ છે.)

**૧૧. <u>સમિતિ અથવા બીજા કોઈ સત્તાધિકારી સમક્ષ પુરાવો :-</u>**

(૧) પેટા-નિયમ (૩)માં જોગવાઈ કરી હોય તે સિવાય, સરકારની પૂર્વ-મંજૂરી વિના કોઈપણ સરકારી કર્મચારીથી, કોઈપણ વ્યક્તિ, સમિતિ અથવા સત્તાધિકાર તરફથી હાથ ધરાયેલી તપાસ અંગે પુરાવો આપી શકાશે નહિ.

(૨) પેટા નિયમ (૧) હેઠળ કોઈ મંજૂરી અપાઈ હોય ત્યારે આવો પુરાવો આપનાર કોઈપણ સરકારી કર્મચારીથી ભારતમાંની કોઈ સરકારની નીતિ કે પગલાંની ટીકા કરી શકાશે નહિ ...

પરંતુ કોઈ ખાસ કેસમાં સરકાર આ શરત જતી કરી શકશે.

(૩) આ નિયમમાંનો કોઈપણ મજકૂર :-

(ક) સરકારે, સંસદે અથવા રાજ્યના વિધાનમંડળે નીમેલા સત્તાધિકારી સમક્ષની તપાસમાં આપેલા પુરાવાને, અથવા

(ખ) કોઈ અદાલતી તપાસમાં આપેલા પુરાવાને, અથવા

(ગ) સરકારે અથવા સરકારના તાબાના અધિકારીઓએ ફરમાવેલી કોઈ ખાતાકીય તપાસમાં આપેલા પુરાવાને લાગુ પડશે નહિ.

**૧૨. ફાળો :-**

કોઈપણ સરકારી કર્મચારીથી સરકારની અથવા એ બાબતમાં સરકાર સત્તા આપે એવા બીજા કોઈ અધિકારીની પૂર્વમંજૂરી વિના, કોઈપણ ઉદ્દેશ માટે કોઈ ફંડ ઊભું કરવા ફાળો માગી કે સ્વીકારી શકાશે નહિ અથવા બીજી કોઈ રીતે તેમાં સામેલ થઈ શકાશે નહિ.

**૧૩. <u>ભેટ :-</u>**

(૧) આ નિયમોમાં બીજી રીતે જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય કોઈપણ સરકારી કર્મચારીથી કોઈ ભેટ સ્વીકારી શકાશે નહિ અથવા પોતાના કોઈ કુટુંબીજનને અથવા [થ] તેના વતી કામ કરતી (બીજી) કોઈપણ વ્યક્તિને કોઈ ભેટ સ્વીકારવાની છૂટ આપી શકાશે નહિ.

**<u>સ્પષ્ટીકરણ</u>** :-(૧) ''ભેટ'' શબ્દમાં, સરકારી કર્મચારી સાથે સરકારી કામકાજનો વ્યવહાર ન ધરાવતા નજીકના સગા અથવા અંગત મિત્ર સિવાયની કોઈ વ્યક્તિએ આપેલ વાહન, ભોજન, રહેઠાણ અંગેની મફત જોગવાઈ અથવા બીજા કોઈ આર્થિક લાભનો સમાવેશ થાય છે.

**<u>નોંધ-૧</u>** : ભોજન લેવાનું કે વાહનમાં બેસવાનું ક્યારેક મળેલું આમંત્રણ અથવા બીજા કોઈ પ્રકારનું પ્રાસંગિક આતિથ્ય ભેટ તરીકે ગણાશે નહિ.

**<u>નોંધ-૨</u>** : સરકારી કર્મચારીએ પોતાની સાથે સરકારી કામકાજ અંગે સંબંધ હોય એવી કોઈપણ વ્યક્તિનું અથવા ઔદ્યોગિક કે વાણિજ્યિક પેઢીઓ, સંગઠનો વગેરેનું અતિશય ખર્ચાળ આતિથ્ય અથવા વારંવાર આતિથ્ય સ્વીકારવાનું ટાળવું જોઈએ.

(૨) આ નિયમના હેતુ માટે જાહેર મકાનની શિલારોપણ વિધિ અથવા તેની ઉદ્‌ઘાટન વિધિ વખતે અથવા કોઈપણ સમારંભ વખતે સરકારી કર્મચારીને આપવામાં આવેલ કોઈપણ લેલૂ (Trowel) ચાવી તથા આવી બીજી વસ્તુઓને ભેટ તરીકે ગણવામાં આવશે.

ૈ(૨) લગ્નવિધિ, સંવત્સરી, અંત્યેષ્ઠિ અથવા ધાર્મિક સમારંભ જેવા પ્રસંગે, ભેટ આપવાનું પ્રવર્તમાન ધાર્મિક અથવા સામાજિક વ્યવહાર સાથે સુસંગત હોય ત્યારે, સરકારી કર્મચારી અથવા તેનો કોઈપણ કુટુંબીજન અથવા તેના વતી કામ કરતી કોઈપણ વ્યક્તિ, નજીકના સગા અથવા સરકારી કર્મચારી સાથે સરકારી કામકાજનો સંબંધ ન ધરાવતા અંગત મિત્રો પાસેથી ભેટ સ્વીકારી શકશે, પરંતુ આવી કોઈપણ ભેટની કિંમત નીચેનાથી વધે તો સરકારી કર્મચારીએ તેની જાણ સરકારને કરવી જોઈશે.

(૧) વર્ગ-૧ની કોઈપણ જગ્યા ધરાવતા સરકારી કર્મચારીના કિસ્સામાં રૂા. ૭૦૦૦/- (રૂપિયા સાત હજાર) ;

(૨) વર્ગ-૨ની કોઈપણ જગ્યા ધરાવતા સરકારી કર્મચારીના કિસ્સામાં રૂા. ૪૦૦૦/- (રૂપિયા ચાર હજાર) ;

(૩) વર્ગ-૩ની કોઈપણ જગ્યા ધરાવતા સરકારી કર્મચારીના કિસ્સામાં રૂા. ૨૦૦૦/- (રૂપિયા બે હજાર) ; અને

(૪) વર્ગ-૪ની કોઈપણ જગ્યા ધરાવતા સરકારી કર્મચારીના કિસ્સામાં રૂા. ૧૦૦૦/- (રૂપિયા એક હજાર).

ૈ(૩) બીજા કોઈપણ કિસ્સામાં, સરકારી કર્મચારી, કોઈપણ ભેટ, જેની કિંમત નીચે દર્શાવ્યા કરતાં વધુ થતી હોય તો, સરકારની મંજુરી વિના સ્વીકારી શકશે નહીં અથવા પોતાના કોઈ કુટુંબીજનને અથવા પોતાના વતી કામ કરતી બીજી કોઈપણ વ્યક્તિને તે સ્વીકારવાની પરવાનગી આપી શકશે નહીં.

(૧) વર્ગ-૧ અથવા વર્ગ-૨ની કોઈપણ જગ્યા ધરાવતા સરકારી કર્મચારીના કિસ્સામાં રૂા. ૧,૫૦૦/- (રૂપિયા એક હજાર પાંચસો) ; અને

(૨) વર્ગ-૩ અથવા વર્ગ-૪ની કોઈપણ જગા ધરાવતા સરકારી કર્મચારીના કિસ્સામાં રૂા. ૫૦૦/- (રૂપિયા પાંચસો).

થ ( સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫-૪-૭૬ના જાહેરનામા ક્રમાંક જીએસ-૭૬ ૮૮/સીડીઆર/૧૨૭૬/૨૫૧/ગ થી આ મજકૂર મુક્યો છે.)

ૈ( સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૭-૭-૦૫ના જાહેરનામા ક્રમાંક જીએસ-૨૦૦૫-(૧૭)/સીડીઆર/૧૦૯૬/૨૮૯/તએ થી આ આ સુધારા (પેટા નિયમો) મુકેલા છે.)

**+૧૩-ક. <u>દાયજો :-</u>**

કોઈપણ સરકારી કર્મચારીથી...

(૧) દાયજો આપી શકાશે નહિ કે લઈ શકાશે નહિ અથવા દાયજો આપવા કે લેવામાં સહાય કરી શકાશે નહિ, અથવા

(૨) યથાપ્રસંગ, વર કે કન્યાના માતા પિતા અથવા વાલી પાસેથી સીધી કે આડકતરી રીતે કોઈ દાયજાની માંગણી કરી શકશે નહિ.

**<u>સ્પષ્ટીકરણ</u>** :આ નિયમના હેતું પુરતું ''દાયજા''નો અર્થ ''દાયજા પ્રતિબંધ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૧ના ૨૮માં)'' માં છે તે જ છે.

+(સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫-૪-૭૬ના જાહેરનામા ક્રમાંક જીએસ/૭૬-૮૮/સીડીઆર/૧૨૭૬/૨૫૧-ગ, થી આ મજકૂર મુક્યો છે.)

**૧૪. <u>સરકારી કર્મચારીના માનમાં જાહેરસભા અથવા અન્ય આદરસત્કાર :-</u>**

(૧) આ નિયમમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય સરકારી કર્મચારીથી સરકારની પૂર્વ મંજૂરી વિના ..

(ક) અભિનંદન કે વિદાયનું માનપત્ર કે પોતાને અપાતું પ્રમાણપત્ર સ્વીકારી શકાશે નહિ કે પોતાના માનમાં યોજાયેલ જાહેર સભામાં અથવા સત્કાર સમારંભમાં હાજરી આપી શકાશે નહિ,

(ખ) બીજા કોઈ પણ સરકારી કર્મચારીને અથવા તાજેતરમાં સરકારી નોકરી છોડી ગયેલી વ્યક્તિને અભિનંદન કે વિદાયનું માનપત્ર અથવા પ્રમાણપત્ર આપવામાં ભાગ લઈ શકાશે નહિ અથવા તે સરકારી કર્મચારી કે વ્યક્તિના માનમાં યોજાયેલ જાહેર સભામાં અથવા સત્કાર સમારંભમાં હાજરી આપી શકાશે નહિ.

(૨) પેટા નિયમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, સરકારના કોઈપણ સામાન્ય અથવા ખાસ હુકમની જોગવાઈઓને આધીન રહી, સરકારી કર્મચારી ...

(ક) કોઈ જાહેર સંસ્થાની વિનંતીથી તેને ભેટ આપવાનું ન હોય તેવા તૈલચિત્ર, અર્ધપ્રતિમા કે બાવલા માટે બેસી શકશે.

(ખ) તેની પોતાની અથવા બીજા કોઈ સરકારી કર્મચારીની અથવા જેણે તાજેતરમાં સરકારી નોકરી છોડી હોય તેવી વ્યક્તિની નિવૃત્તિના પ્રસંગે કે જિલ્લા અથવા ગામમાંથી તેની કે એવા બીજા સરકારી કર્મચારીની કે વ્યક્તિની બદલી થવાના પ્રસંગે તેના પ્રત્યે આદર દર્શાવવા યોજાયેલ બિલકુલ ખાનગી અને અવિધિસરના વિદાય સમારંભમાં હાજરી આપી શકશે.

(ગ) કોઈપણ જાહેર મંડળ અથવા સંસ્થાએ યોજેલા સાદા અને કરકસરભર્યા સમારંભમાં હાજરી આપી શકશે.

**<u>નોંધ</u>** :- બિલકુલ ખાનગી અથવા અવિધિસર પ્રકારનો હોય તેમ છતાં, કોઈપણ વિદાય સમારંભમાં ફાળો આપવા માટે કોઈપણ સરકારી કર્મચારી પર કોઈપણ પ્રકારનું દબાણ લાવવાની અથવા લાગવગનો ઉપયોગ કરવાની અને વર્ગ-૩ અથવા વર્ગ-૪ના ન હોય એવા કોઈપણ સરકારી કર્મચારી માટેના સમારંભ માટે વર્ગ-૩ અથવા વર્ગ-૪ના કર્મચારીઓ પાસેથી કોઈપણ સંજોગોમાં ફાળો ઉઘરાવવાની મનાઈ છે.

થ **૧૫. ખાનગી ધંધો અથવા રોજગાર :**

(૧) પેટા-નિયમ (૨)ની જોગવાઈઓને આધીન રહીને, કોઈપણ સરકારી કર્મચારી સરકારની પૂર્વ મંજૂરી વિના, .........

(ક) કોઈપણ ધંધામાં અથવા વેપારમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાઈ શકશે નહિ, અથવા

(ખ) અન્ય કોઈપણ રોજગાર માટે વાટાઘાટો કરી શકશે નહિ અથવા તે લઈ શકશે નહિ, અથવા

(ગ) કોઈપણ મંડળમાં, પછી તે સંસ્થાપિત હોય કે ન હોય તો પણ તેમાં, ચૂંટણી દ્વારા ભરાતો હોદ્દો ધરાવી શકશે નહિ, ચૂંટણી દ્વારા ભરાતા હોદ્દા માટેના ઉમેદવાર અથવા ઉમેદવારો માટે પ્રચાર કરી શકાશે નહિ, અથવા

(ઘ) પોતાના કુટુંબની કોઈપણ વ્યક્તિની માલિકીની અથવા તેના દ્વારા જેની વ્યવસ્થા થતી હોય એવા વીમા એજન્સી, કમિશન એજન્સી, વગેરેનો કોઈ ધંધાના સમર્થનમાં પ્રચાર કરી શકશે નહિ.

(ચ) વાણિજ્યિક હેતુઓ માટે કંપની અધિનિયમ, ૧૯૫૬ (સન ૧૯૫૬ના ૧લા) અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદા હેઠળ રજિસ્ટર થયેલ અથવા જેનું રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી હોય એવી કોઈપણ બેન્ક અથવા અન્ય કંપનીના અથવા કોઈપણ સહકારી મંડળીના રજીસ્ટ્રેશનમાં, તે ઉભી કરવામાં અથવા તેના વહીવટમાં તેની સરકારી ફરજો બજાવવા સિવાય ભાગ લઈ શકશે નહિ.

<u>**સ્પષ્ટીકરણ**</u> : પત્ની દ્વારા અથવા પોતાના કુટુંબની વ્યક્તિ દ્વારા હાથ ધરાયેલ ધંધા માટે નાણાંની જોગવાઈ કરવી અથવા તેવી જોગવાઈ કરવામાં મદદ કરવી એ વ્યાપાર કે ધંધામાં સરકારી કર્મચારી પરોક્ષ રીતે રોકાયેલ છે એમ ગણાશે અને તે માટે સરકારની પૂર્વ મંજૂરીની આવશ્યકતા રહેશે.

(૨) સરકારી કર્મચારી, સરકારની પૂર્વ મંજૂરી વિના ...

(ક) સામાજિક અથવા સખાવતી પ્રકારનું માનદ્ કામ હાથ ધરી શકશે, અથવા

(ખ) સાહિત્યિક કલા-વિષયક અથવા વૈજ્ઞાનિક પ્રકારનું પ્રાસંગિક કામ હાથ ધરી શકશે, અથવા

(ગ) શિખાઉ તરીકે રમત-ગમતની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે, અથવા

(ઘ) મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ (સન ૧૮૬૦ના ૨૧મા) અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈપણ કાયદા હેઠળ રજીસ્ટર થયેલ જે સાહિત્યિક, વૈજ્ઞાનિક અથવા સખાવતી મંડળીના અથવા કલબના અથવા સમતુલ્ય સંગઠનના હેતુઓ અથવા ઉદ્દેશો રમત-ગમતની સાંસ્કૃતિક અથવા મનોરંજનની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાને લગતા છે તે સાહિત્યિક, વૈજ્ઞાનિક અથવા સખાવતી મંડળીના અથવા કલબ અથવા સમતુલ્ય સંગઠનના (જેમાં ચૂંટણી દ્વારા ભરાતો હોદ્દો ધરાવવાની બાબતોનો સમાવેશ થતો ન હોય તેવા) રજીસ્ટ્રેશનમાં, તે ઉભી કરવામાં અથવા તેના વહીવટમાં ભાગ લઈ શકાશે, અથવા

(ચ) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન, ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા) અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈપણ કાયદા હેઠળ રજીસ્ટર થયેલી, મુખ્યત્વે સરકારી કર્મચારીઓના લાભ માટેની સહકારી મંડળીના (જેમાં ચૂંટણી દ્વારા ભરાતો હોદ્દો ધરાવવાની બાબતનો સમાવેશ થતો ન હોય તેવા) રજીસ્ટ્રેશનમાં, તે ઉભી કરવામાં અથવા તેના વહીવટમાં ભાગ લઈ શકશે,

પરંતુ ......

(૧) જો સરકાર તેવી પ્રવૃત્તિઓમાં ભાગ ન લેવાનો આદેશ કરે, તો તેણે તેમ કરવું જોઈશે.

(૨) આ પેટા નિયમના ખંડ (ઘ) અથવા ખંડ (ચ) હેઠળ આવતા કિસ્સામાં, તેનાથી તેની સરકારી ફરજોમાં અવરોધ થવો જોઈએ નહિ અને એવી પ્રવૃત્તિઓમાં પોતે ભાગ લીધાના એક મહિનાની મુદતની અંદર તેણે, પોતે લીધેલ ભાગના પ્રકારની વિગતો આપતો રિપોર્ટ સરકારને કરવો જોઈશે.

(૩) દરેક સરકારી કર્મચારીએ, જો તેના કુટુંબની કોઈ વ્યક્તિ ધંધામાં અથવા તેમાં રોકાયેલી હોય અથવા વીમા એજન્સીની અથવા કમિશન એજન્સીના માલિકી હુકમો હોય અથવા તેની વ્યવસ્થા કરતી હોય, તો સરકારને જાણ કરવી જોઈશે.

(૪) સરકારના સામાન્ય અથવા ખાસ હુકમો દ્વારા અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય કોઈપણ સરકારી કર્મચારી, ઠરાવેલ સત્તામંડળની મંજૂરી વિના, કોઈપણ ખાનગી અથવા જાહેર મંડળ અથવા કોઈપણ ખાનગી વ્યક્તિ માટે પોતે કરેલ કોઈ કામ માટે કોઈ ફી સ્વીકારી શકશે નહિ.

<u>**સ્પષ્ટીકરણ**</u> : આ પેટા નિયમમાં વપરાયેલ 'ફી' સંજ્ઞાનો અર્થ મુંબઈ રાજ્ય સેવા નિયમો, ૧૯૫૯ના નિયમ ૯(૨૫) હેઠળની નોંધ ૨ માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

([થ] સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૧-૧૨-૮૮ના જાહેરનામા ક્રમાંક જીએસ-૮૮-૭૨/સીડીઆર/૧૦૮૭/યુ.ઓ. ૧૨ ખા.તા.એ. થી આ મજકૂર મુક્યો છે.)

**૧૬. <u>રોકાણ, ઉછીનું આપવું અને ઉછીનું લેવું :-</u>**

(૧) કોઈપણ સરકારી કર્મચારીથી કોઈપણ રોકાણમાં સટ્ટો ખેલી શકાશે નહિ.

<u>**સ્પષ્ટીકરણ**</u> : શેર, જામીનગીરીઓ અથવા બીજા રોકાણોની વારંવાર ખરીદી અથવા તેનું વેચાણ અથવા તેનું ખરીદ-વેચાણ આ પેટા-નિયમના અર્થઘટન હેઠળ સટ્ટો ગણવામાં આવશે.

* (૨)(૧) કોઈપણ સરકારી કર્મચારીથી, તેની સરકારી ફરજો અદા કરવામાં મુંઝવણ ઉભી કરે અથવા અસર કરે એવું કોઈપણ રોકાણ કરી શકશે નહિ અથવા તેના કુટુંબના કોઈપણ સભ્યને તેમ કરવાની છૂટ આપી શકશે નહિ અને સરકારી કર્મચારી, આ પ્રકારનું રોકાણ કરવામાંથી તેના કુટુંબીજનને અટકાવવામાં નિષ્ફળ જાય તો તેણે તે અંગે સરકારને તત્કાળ જાણ કરવી.

* (૨) રાજયના જાહેર સાહસના શેરોની પ્રારંભિક જાહેર દરખાસ્ત અથવા અનુવર્તી જાહેર દરખાસ્તના ભાવ નકકી કરવાની નિર્ણય પ્રક્રિયામાં સામેલ હોય તેવા, કોઇપણ સરકારી કર્મચારી, પોતે અથવા તેના કુટુંબના કોઇપણ સભ્ય મારફત અથવા તેના વતી કાર્ય કરતી કોઇપણ બીજી વ્યકિત મારફત, રાજયના જાહેર ક્ષેત્રના આવા સાહસની પ્રારંભિક જાહેર દરખાસ્ત અથવા અનુવર્તી જાહેર દરખાસ્તમાં શેરોની ફાળવણી માટે અરજી કરી શકશે નહીં.

(* સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૬ મી ઓકટોબર, ૨૦૦૯જાહેરનામા <u>ક્રમાંક : જીએસ-૨૦૦૯-(૩૪) સીડીઆર-૧૧૨૦૦૯-૪૪૬-તપાસ એકમ</u> થી આ સુધારો મૂકેલ છે.)

(૩) કોઈ જામીનગીરી અથવા રોકાણ પેટા-નિયમ (૧) અથવા પેટા-નિયમ (૨)માં દર્શાવેલ પ્રકારના છે કે કેમ એવો કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે અંગે સરકારનો નિર્ણય આખરી ગણાશે.

(૪) કોઈપણ સરકારી કર્મચારીથી, સરકારની પૂર્વ મંજૂરી વિના પોતાની હકૂમત હેઠળની સ્થાનિક હદની અંદર જમીન અથવા કિંમતી મિલકત ધરાવતી કોઈપણ વ્યક્તિને પૈસા ધીરી શકાશે નહિ અથવા કોઈપણ વ્યક્તિને વ્યાજે આપી શકાશે નહિ.

પરંતુ ....

સરકારી કર્મચારી, તેના અંગત મિત્ર અથવા સગા અથવા ખાનગી નોકર તેની હકૂમતની સ્થાનિક હદની અંદર જમીન ધરાવતા હોય તો તેમના વગર વ્યાજે નાની રકમ ધીરી શકશે.

(૫) કોઈપણ સરકારી કર્મચારીથી, બેન્ક અથવા પ્રતિષ્ઠિત પેઢી સાથેના સામાન્ય સ્વરૂપના કામકાજ સિવાય તેની હકૂમતની સ્થાનિક હદ અંદરની કોઈપણ વ્યક્તિ પાસેથી અથવા જેની સાથે તેને સરકારી કામકાજ રહેવાનો સંભવ હોય એવી બીજી કોઈપણ વ્યક્તિ પાસેથી નાણાં ઉછીના લઈ શકાશે નહિ કે પોતાની જાતને નાણાંકીય અહેસાન હેઠળ મૂકી શકાશે નહિ કે સરકારની પૂર્વ મંજૂરી વિના તેના કોઈપણ કુટુંબીજનને આવી કોઈપણ લેવડદેવડ કરવાની છૂટ આપી શકાશે નહિ. આમ છતાં તેના કુટુંબના સભ્યે તેની પરવાનગી વિના આવી લેવડ દેવડ કરી હોય, તો તેની જાણ સરકારને તત્કાળ કરવી.

પરંતુ ......

સરકારી કર્મચારી, અંગત મિત્ર અથવા સગા પાસેથી નાની રકમ વ્યાજ વિના તદ્દન કામચલાઉ રીતે સ્વીકારી શકશે અથવા સાચા વેપારીને ત્યાં જમા ખાતું ખોલાવી શકશે.

(૬) પેટા-નિયમ (૪) અથવા પેટા-નિયમ (૫)ની કોઈપણ જોગવાઈનો ભંગ કરવામાં તે સંડોવાય એવા પ્રકારની જગ્યા પર સરકારી કર્મચારીની નિમણૂંક અથવા બદલી થાય તો તેણે તે સંજોગોની સરકારને તત્કાળ જાણ કરવી અને તે પછી સરકાર કરે તેવા હુકમો અનુસાર કામગીરી બજાવવી.

પરંતુ ......

વર્ગ-૩ અથવા વર્ગ-૪ની સેવાનો સરકારી કર્મચારી તેના કચેરીના વડાને આવો રિપોર્ટ કરી શકશે.

(૭)વર્ગ-૪ના કર્મચારીઓના દાખલામાં, કચેરીના વડાની વિવેકબુધ્ધિ અનુસાર અપવાદરૂપ કેસમાં આ નિયમમાં છૂટછાટ મૂકી શકાશે અને તે સમય પૂરતા અમલમાંના કોઈપણ કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળીઓમાંથી સરકારી કર્મચારીઓને નાણાં ધીરવા અથવા એમને નાણાં ઉછીના આપવાની બાબતને લાગેવળગે છે ત્યાં સુધી તે સરકારે મુકેલી અથવા આપેલી કોઈપણ સામાન્ય અથવા ખાસ મર્યાદા અથવા છૂટછાટને આધીન રહેશે.

**૧૭. <u>નાદારી અને હંમેશનું દેવું :-</u>**

(૧) સરકારી કર્મચારીએ, પોતાની અંગત બાબતોની વ્યવસ્થા એવી રીતે કરવી જોઈએ કે જેથી તે હંમેશનું દેવું કે નાદારી નિવારી શકે. નાદારી માટે જેની સામે કાનૂની કાર્યવાહી થઈ હોય એવા સરકારી કર્મચારીએ પૂરેપૂરી હકીકતોની જાણ સરકારને તત્કાળ કરવી.

(૨) કોઈપણ સરકારી કર્મચારીના પગારના અડધા ભાગ પર ટાંચ મૂકાઈ હોય ત્યારે તેના પગારની સામે તેના દેવાનું પ્રમાણ કેટલું છે અને દેવાદારની સ્થિતિ અસાધ્ય છે કે કેમ એ બાબત અહેવાલમાં બતાવવી કે જેથી કેસના સંજોગો જોતાં, આ બાબતથી દેવાદારની સરકારી કર્મચારી તરીકેની કાર્યક્ષમતાને વિપરિત અસર પહોંચશે કે કેમ અને જે વખતે આ બાબત સરકારના ધ્યાન ઉપર લાવવામાં આવે ત્યારે એ જે

જગ્યા ઉપર હોય તે જગ્યા ઉપર અથવા સરકાર હેઠળની બીજી કોઈપણ જગ્યા ઉપર એને ચાલુ રાખવાનું ઈચ્છનીય છે કે કેમ તે અંગે સરકાર વિચારણા કરી શકે.

(૩) જ્યારે કોઈ સરકારી કર્મચારીને નાદાર ઠરાવવામાં કે જાહેર કરવામાં આવે અથવા આવા સરકારી કર્મચારીના પગારના અડધા ભાગ પર કાયમી ટાંચ મૂકાય અથવા બે વર્ષથી વધુ મુદતથી તેના પર ટાંચ ચાલુ હોય અથવા બે વર્ષની મુદતમાં સામાન્ય સંજોગોમાં ભરપાઈ થઈ ન શકે તેટલી રકમ માટે તેના પર ટાંચ મુકાઈ હોય, તો તે કર્મચારી નોકરીમાંથી દૂર થવાને પાત્ર બનશે.

(૪) આ નિયમ હેઠળ આવતા દરેક કેસમાં સામાન્ય કાર્યપરાયણતા દાખવવા છતાં દેવાદાર અગાઉથી કલ્પી શક્યો ન હોય અથવા તો જેની ઉપર તેનો કાબુ ન હોય તેવા સંજોગોએ તેને નાદાર કે દેવાદાર બનાવ્યો છે અને ઉડાઉ અથવા ખુવારી નોતરે તેવી ટેવોના પરિણામે એમ બનવા પામ્યું નથી તે સાબિત કરવાનો બોજો દેવાદારને શિરે રહેશે.

**૧૮. <u>સરકારી કર્મચારીએ તેની સામે થયેલી ફોજદારી અથવા દિવાની કાર્યવાહી અંગે સરકારને જાણ કરવા બાબત :-</u>**

(ક) સરકારી કર્મચારીએ તેની સરકારી ફરજ અદા કરતી વખતે કરેલા અથવા સરકારી ફરજ અદા કરવાનું અભિપ્રેત હોય તે વખતે કરેલા અથવા જેમાં નૈતિક અધઃપતનનો સમાવેશ થતો હોય અથવા જેમાં એક વર્ષ અથવા વધુ મુદતની કેદની સજા થઈ શકે તેમ હોય એવા કોઈપણ કહેવાતા ગુના અંગે સરકારી કર્મચારી સામે કોઈપણ ફોજદારી કાર્યવાહી દાખલ કરવામાં આવી હોય અથવા ચાલુ હોય ત્યારે, અથવા

(ખ) કોઈ સરકારી કર્મચારી સામે તેવા માસિક મળતરની દસ ગણી રકમની વસુલાત માટે અથવા આવા સરકારી કર્મચારીએ કરેલા કહેવાતા વિશ્વાસભંગ અથવા નાણાંની ઉચાપત અથવા કપટને કારણે થયેલ નુકશાન માટે કોઈપણ દિવાની કાર્યવાહી દાખલ કરવામાં આવી હોય અથવા ચાલુ હોય ત્યારે,

સરકારી કર્મચારીએ આવી કાર્યવાહીમાં પરિણમતી હકીકતો ટૂંકમાં દર્શાવતો લિખિત અહેવાલ રજૂ કરી સરકારને અથવા ખાતાના વડા અથવા સંબંધિત કચેરીને આવી કાર્યવાહી અંગે જાણ કરવી.

**૧૯. <u>જંગમ, સ્થાવર અને કિંમતી મિલકતઃ-</u>**

[થ](૧) (ક) દરેક સરકારી કર્મચારીએ કોઈપણ નોકરીમાં અથવા જગા ઉપર તેની પ્રથમ નિમણૂંક થયે, તેના પોતાના નામે અથવા તેના કુટુંબની કોઈ વ્યકિતના નામે અથવા અન્ય કોઈ વ્યકિતના નામે, તેને વારસામાં મળેલ તેની માલિકીની પટ્ટે અથવા ગીરોથી તેણે સંપાદન કરેલ અથવા ધરાવેલ સ્થાવર મિલ્કત સંબંધી પૂરેપૂરી વિગતો આપતું સરકાર ઠરાવે તે નમૂના પ્રમાણેનું તેની સ્થાવર અસ્કયામતોનું પત્રક રજૂ કરવું જોઈશે.

(ખ) દરેક રાજ્યપત્રિત સરકારી કર્મચારીએ તરતના અગાઉના વર્ષના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે પૂરી થતી મુદતને આવરી લેતા દરેક વર્ષના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે સરકાર ઠરાવે તે નમૂના પ્રમાણે, ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલ માહિતી પૂરી પાડવી જોઈશે.

(ગ) દરેક બિન-રાજ્યપત્રિત સરકારી કર્મચારીએ ૫૮ અથવા ૬૦ વર્ષ સુધીમાં, પાંચ વર્ષના પૂર્ણ ગુણાંક હોય તેવી ઉંમરે, એટલે કે ૨૫, ૩૦, ૩૫ વગેરે ઉંમરે તે પહોંચે તે દરમિયાન દરેક વર્ષના અંતે પેટા-નિયમ (ક)માં ઉલ્લેખેલ માહિતી પૂરી પાડવી જોઈશે.

**નોંધ**:-(૧) ખંડ(ક)ની જોગવાઈઓ સામાન્યતઃ વર્ગ-જના કર્મચારીઓને લાગુ પડશે નહિ, પણ સરકાર એમ આદેશ કરી શકશે કે તે,એવા કોઈપણ સરકારી કર્મચારીને અથવા એવા વર્ગના સરકારી કર્મચારીઓને લાગુ પડશે.

**નોંધ**:-(૨) આ નિયમોના આરંભની તારીખે નોકરીમાં હોય તેવા દરેક સરકારી કર્મચારીએ આવા આરંભ પછી સરકાર નિર્દિષ્ટ કરે તેવી તારીખે અથવા તે પહેલાં આ પેટા-નિયમ હેઠળ પત્રક રજૂ કરવું જોઈશે.

(૨) કોઈપણ સરકારી કર્મચારી, નિયત સત્તાધિકારીને અગાઉથી જાણ કરાઈ હોય તે સિવાય કોઈપણ સ્થાવર મિલકત તેના નામે કે તેના કોઈપણ કુટુંબીજનના નામે, પટા, ગીરો,ખરીદી, વેચાણ, બક્ષિસ અથવા બીજી કોઈપણ રીતે સંપાદિત કરી શકશે નહિ કે તેનો નિકાલ કરી શકશે નહિ.

# પરંતુ

આવી કોઈપણ લેવડદેવડ, સરકારી કર્મચારી સાથે જેને સરકારી કામકાજ રહેતું હોય તે વ્યક્તિ સાથે હોય, તો સરકારી કર્મચારીએ નિયત સત્તાીધિકારીની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

થથ (૩) દરેક સરકારી કર્મચારીએ, જંગમ મિલકતના સંબંધમાં, આવી મિલકતની કિંમત સરકારી કર્મચારીના બે મહિનાના મૂળ પગાર કરતાં વધુ હોય તો, તે સંબંધમાં તેણે પોતાના નામે અથવા તેના કુટુંબના કોઇ સભ્યના નામે કરેલી દરેક લેવડદેવડની તારીખે કે તે તારીખથી એક મહિનાની અંદર તે અંગે નિયત સત્તાધિકારીને જાણ કરવી જોઇશેઃ

પરંતુ આવી કોઇપણ લેવડદેવડ, સરકારી કર્મચારીને જેની સાથે સરકારી કામકાજ રહેતુ હોય, તેવી વ્યકિત સાથે હોય, તો નિયત સત્તાધિકારીની પૂર્વ-મંજૂરી મેળવવી જોઇશે.

(૪) સરકાર અથવા નિયત સત્તાધિકારી, કોઈપણ સમયે, સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા સરકારી કર્મચારીને, તે અથવા તેની વતી તેનો કોઈપણ કુટુંબીજન ધરાવતો હોય અથવા તેણે અથવા તેના કોઈપણ કુટુંબીજને પ્રાપ્ત કરી હોય તેવી હુકમમાં દર્શાવવામાં આવે એવી જંગમ અથવા સ્થાવર મિલકત અંગેનું પૂરેપૂરૂં અને સંપૂર્ણ પત્રક, હુકમમાં દર્શાવવામાં આવે એવી સમય-મર્યાદાની અંદર રજૂ કરવાનું જણાવી શકશે. સરકાર અથવા નિયત સત્તાધિકારી જરૂરી લેખે તો આવા પત્રકમાં, આવી મિલકત જે ઉપાયો દ્વારા અથવા જે સાધનોમાંથી પ્રાપ્ત કરવામાં આવી હોય તેની વિગતોનો સમાવેશ કરવાનો રહેશે.

(૫) સરકાર, વર્ગ-૩ અથવા વર્ગ-૪ પૈકી કોઈપણ કક્ષાના સરકારી કર્મચારીઓને પેટા-નિયમ(૪) સિવાયની આ નિયમ હેઠળની કોઈપણ જોગવાઈઓમાંથી મુક્તિ આપી શકશે. આમ છતાં, સામાન્ય વહીવટ વિભાગની સહમતી વિના કોઈ મુક્તિ આપી શકાશે નહિ.

**સ્પષ્ટીકરણ** : -

(૧) આ નિયમના હેતુ માટે ''જંગમ મિલકત'' એ શબ્દપ્રયોગમાં નીચેનાનો સમાવેશ થાય છે.

*(ક) (૧) ઝવેરાત, શેર, જામીનગીરીઓ, ડિબેન્ચર,

[થથ] (૨) વીમાની પોલીસી જેનું વાર્ષિક પ્રિમિયમ, સરકારી કર્મચારીના બે મહિનાના મૂળ પગાર કરતાં વધુ હોય;.

(ખ) સરકારી કર્મચારીએ આપેલી લોન પછી તે તારણવાળી હોય અથવા તારણ વિનાની હોય,

(ગ) મોટરકાર, મોટરસાયકલ, ઘોડા અથવા અવર-જવરનું બીજુ કોઈપણ સાધન, અને

(ઘ) રેફ્રિજરેટર અને રેડિયોગ્રામ.

(૨) 'નિયત સત્તાધિકારી' એટલેઃ-

(ક)(૧) વર્ગ-૧ની કોઈપણ જગ્યા ધરાવતા સરકારી કર્મચારીની બાબતમાં સરકાર, સિવાય કે જ્યાં સરકારે કોઈપણ હેતુ માટે કોઈ નીચેના સત્તાધિકારીને વિશિષ્ટ રીતે નિયત કર્યા હોય,

(૨) વર્ગ-૨ની કોઈપણ જગા ધરાવતા સરકારી કર્મચારીની બાબતમાં ખાતાના વડા,

(૩) વર્ગ-૩ અથવા વર્ગ-જની કોઈપણ જગા ધરાવતા સરકારી કર્મચારીની બાબતમાં કચેરીના વડા,

(ખ) રાજ્યેતર સેવામાં હોય તેવા અથવા બીજી કોઈપણ સરકાર કે સ્થાનિક મંડળોમાં પ્રતિનિયુક્તિ પર હોય તેવા સરકારી કર્મચારીની બાબતમાં જેના સંવર્ગમાં આવા સરકારી કર્મચારીની મૂળ નિમણૂંક થઈ હોય તે મૂળ ખાતું અથવા તે સંવર્ગના સભ્ય તરીકે તે વહીવટી દૃષ્ટિએ જેના તાબા હેઠળ હોય તે વિભાગ.

([થ] સામાન્ય વહીવટ વિભાગના તા. ૯-૭-૮૬ના જાહેરનામા ક્રમાંક જીએસ- ૮૬(૩૦)/સીડીઆર/ ૧૦૮૬/૮૯૩/તપાસ એકમથી ફેરફારિત થયેલ છે.)

([#] સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૧૦/૮૬ ના જાહેરનામા ક્ર.જીએસ-૩૭-૮૬-સીડીઆર-૧૦૮૫-યુ.ઓ.૧૯૨-ત.એ.થી બદલાયેલ છે.)

([થથ] સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૦-૨-૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક જીએસ-૨૦૧૨-(૩)/સીડીઆર/૧૦૯૬/૨૮૯/તએ થી ફેરફારિત થયેલ છે.)

([*] સામાન્ય વહીવટ વિભાગના તા. ૫-૮-૯૯ના જાહેરનામા ક્રમાંક જીએસ-૯૯-૩૭-/સીડીઆર/૧૦૯૬/૨૮૯/ત. એ. થી આ સુધારો મૂકેલ છે.)

## ૨૦. <u>સરકારી કર્મચારીના કાર્યો અને ચારિત્ર્ય નિર્દોષ સિદ્ધ કરવા બાબતઃ-</u>

(૧) સરકારી કર્મચારી બદનક્ષીભર્યા આક્ષેપો સામે પોતાનાં સરકારી કાર્યોને કે ચારિત્ર્યને નિર્દોષ સિદ્ધ કરવા માટે કોઈ કોર્ટનો કે વર્તમાનપત્રોનો આશ્રય લઈ શકશે. કોર્ટનો આશ્રય લેવાની મંજૂરી આપતી વખતે દરેક કેસમાં, કોર્ટની કાર્યવાહી અંગેનું ખર્ચ સરકારે પોતે ભોગવવું કે સરકારી કર્મચારીએ પોતાના ખર્ચે જ કોર્ટમાં કેસ દાખલ કરવો અને એમ કરવામાં આવતાં ચુકાદો સરકારી કર્મચારીની તરફેણમાં આવે એ પરિસ્થિતિમાં કોર્ટ તેને કોઈ ખર્ચ, વળતર અથવા નુકસાની અપાવે તેનાથી વધુ ખર્ચ તેને થયું હોય તેવા પ્રસંગે સરકારે તેને તે પૂરેપૂરૂં ભરપાઈ કરવું કે તેનો અમુક ભાગ ભરપાઈ કરવો તેનો નિર્ણય સરકાર કરશે.

(૨) આ નિયમમાંનો કોઈ મજકૂર સરકારી કર્મચારીને તેના અંગત ચારિત્ર્યને કે તેની અંગત હેસિયતથી તેણે કરેલા કોઈપણ કાર્યને નિર્દોષ સિદ્ધ કરવામાં તેને બાધક બનતો હોવાનું લેખાશે નહિ અને તેના અંગત ચારિત્ર્યને અથવા તેની અંગત હેસિયતથી તેણે કરેલા કોઈપણ કાર્યને નિર્દોષ સિદ્ધ કરવા માટે કોઈ પગલું લેવામાં આવ્યું હોય, તો સરકારી કર્મચારીએ આવા પગલાં અંગેનો અહેવાલ નિયત સત્તાધિકારીને રજૂ કરવાનો રહેશે.

## ૨૧. કોઈપણ મિલક્ત ખરીદવા અથવા હરાજીમાં તેને માટે બોલી (માંગણી) મૂકવા અથવા તેની માલિકી ધરાવવા બાબતઃ-

(૧) કોઈપણ સરકારી કર્મચારી, જેમાં તે નોકરી કરતો હોય અથવા જેમાં તત્પૂરતો તેને નોકરીમાં રાખવામાં આવ્યો હોય તે ખાતા અથવા કચેરીના હુકમો દ્વારા અથવા તે હેઠળ તે સમયે અમલમાં હોય એવા કોઈ કાયદાની જોગવાઈઓ અનુસાર વેચવામાં આવે અથવા હરાજી કરવામાં આવે એવી કોઈ મિલક્ત જાતે કે એજન્ટ દ્વારા અથવા તેના પોતાના નામે કે બીજાને નામે અથવા સંયુક્ત રીતે કે બીજાઓની સાથે ભાગમાં ખરીદી શકશે નહિ કે હરાજીમાં તેને માટે બોલી (માંગણી ) મૂકી શકશે નહિ.

(૨) નિયમ-૧૬માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, મહેસૂલ અથવા જમીન રેકર્ડ ખાતામાં કોઈ હોદ્દો ધરાવતાં કોઈપણ સરકારી કર્મચારીથી સરકારની અથવા જેના તાબામાં તે હોય તેવા મહેસૂલ તપાસણી કમિશનર, કલેક્ટર, સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામક અથવા જમીન રેકર્ડ અધિક્ષકની અગાઉથી મેળવેલી લિખિત પરવાનગી વિનાઃ[૬]

(૧)જે જિલ્લામાં આવો સરકારી કર્મચારી તે સમયે નોકરીમાં હોય તે જિલ્લામાં કોઈ મહેસૂલી કે અદાલતી સત્તાધિકારીના હુકમથી મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯નો અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કાયદાની જોગવાઈ અનુસાર વેચવામાં આવે તેવી કોઈ મિલકત જાતે કે એજન્ટ દ્વારા અથવા તેના પોતાના નામે કે બીજાને નામે અથવા સંયુક્ત રીતે કે બીજાઓની સાથે ભાગમાં ખરીદી શકાશે નહિ કે હરાજીમાં તેને માટે બોલી (માંગણી) મૂકી શકાશે નહિ.

(૨) જે જિલ્લામાં આવો સરકારી કર્મચારી તે સમયે નોકરીમાં હોય તે જિલ્લામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેનાથી ફાર્મ ધરાવી શકાશે નહિ અથવા કોઈપણ જાતના મહેસૂલની વસૂલાત કે ચૂકવણી સાથે અંગત હિસાબે કોઈ સંબંધ ધરાવી શકાશે નહિ. પરંતુ આ નિયમમાંનો કોઈ મજકૂર, કાનૂની જવાબદારી પૂરી કરવા માટે ચૂકવેલ મહેસૂલને લાગુ પડશે નહિ.

વધુમાં, જે જિલ્લામાં પોતે તે સમયે નોકરીમાં હોય તે જિલ્લામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ફાર્મ ધરાવતા સરકારી કર્મચારીએ સરકારને કેવળ આ હકીક્તની જાણ કરવાની રહેશે અને આવું ફાર્મ ધરાવવા માટે તેણે સરકારની મંજૂરી મેળવવાનું જરૂરી બનશે નહિ.

## ૨૨. લવાદ તરીકે કામગીરી બજાવવા બાબતઃ-

પોતે ધારણ કરતો હોય તેવા કોઈપણ અદાલતી અથવા કારોબારી હોદ્દાને કારણે પોતાની પાસે કોઈપણ સ્વરૂપમાં આવવા સંભવ હોય તેવા કોઈ ખાનગી કેસમાં સરકારી કર્મચારીથી લવાદ તરીકે કામ કરી શકાશે નહિ.

## ૨૩. બિન-સરકારી અથવા બીજી બહારની વગનો ઉપયોગ કરવા બાબતઃ-

કોઈપણ સરકારી કર્મચારીથી પોતાનું હિત પાર પાડવાના અથવા સરકાર હેઠળની તેની નોકરીને સ્પર્શતી કોઈપણ બાબત અંગેની પોતાની ફરિયાદ નિવારવાના હેતુથી, કોઈપણ ઉપરી અધિકારી સાથે સંબંધ કેળવવા અથવા કોઈપણ ઉપરી અધિકારી સાથે દરમિયાનગીરી કરવામાં આવે એ હેતુથી વિધાનમંડળનો

કોઈ સભ્ય અથવા અન્ય બિનસરકારી વ્યક્તિનો સંપર્ક સાધવા કોઈપણ રાજકીય અથવા બીજી બહારની વગનો ઉપયોગ કરી શકાશે નહિ અથવા ઉપયોગ કરવાનો પ્રયત્ન કરી શકાશે નહિ.

**૨૪. <u>કોમી સંસ્થાના સભ્ય થવા બાબત અથવા તેની સાથે સંપર્ક રાખવા બાબતઃ-</u>**

કોઈપણ સરકારી કર્મચારીથી જેનુ સભ્યપદ અમુક કોમ અથવા કોમોના સમુદાયની વ્યક્તિઓ પૂરતું જ મર્યાદિત રાખવામાં આવ્યું હોય એવી કોઈપણ સંસ્થાની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકાશે નહિ કે તેની સાથે સંપર્ક રાખી શકાશે નહિ, પછી ભલે એ સંસ્થાની પ્રવૃત્તિઓ સામાજિક અથવા શૈક્ષિણક પ્રકારની હોય, પરંતુ સરકારી કર્મચારીઓને સરકારની અગાઉથી પરવાનગી મેળવીને ધાર્મિક અથવા નૈતિક ઉદ્દેશ ધરાવતી સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની છૂટ આપી શકાશે.

**<u>સ્પષ્ટીકરણ</u>:-** સંસ્થાના સભ્ય થવાની બાબત આ નિયમની ક્ષેત્રમર્યાદાની અંદર આવે છે કે કેમ એવી શંકા ઉપસ્થિત થાય તેવા કેસમાં સરકારનો નિર્ણય આખરી ગણાશે.

**૨૫. <u>જાહેર સંસ્થા અથવા કામો સાથે કોઈપણ સરકારી કર્મચારીનું નામ જોડવા બાબતઃ-</u>**

કોઈપણ સરકારી કર્મચારીથી, સરકારની પૂર્વમંજૂરી મેળવી હોય તે સિવાય ગ્રંથાલયો, હોસ્પિટલો અને શાળાઓ જેવી જાહેર સંસ્થાઓ અને માર્ગો સાથે અથવા શીલ્ડ, ટ્રોફી, ઈનામ, ચંદ્રક અથવા કપ જેવી વસ્તુઓ સાથે પોતાનું નામ જોડી શકાશે નહિ અથવા જોડવાની છૂટ આપી શકાશે નહિ. સરકારી કર્મચારીથી તેની સાથે રહેતા હોય અથવા તેના પર પૂરેપૂરા આશ્રિત હોય એવા તેના કોઈપણ કુટુંબીજનને તેનું નામ આવી કોઈ સંસ્થા અથવા વસ્તુ સાથે જોડવાની છૂટ આપી શકાશે નહિ.

**૨૬. <u>એકની હયાતીમાં અન્ય વ્યક્તિ સાથે લગ્ન કરવા બાબતઃ-</u>**

(૧) કોઈપણ સરકારી કર્મચારીથી, જેનો પતિ કે પત્ની હયાત હોય એવી કોઈપણ વ્યકિત સાથે લગ્ન કે લગ્નના કરાર કરી શકાશે નહિ, અને

(૨) જેનો પતિ કે પત્ની હયાત હોય તેવા કોઈપણ સરકારી કર્મચારીથી બીજી કોઈપણ વ્યક્તિ સાથે લગ્ન કે લગ્નના કરાર કરી શકાશે નહિ.

પરંતુ..

રાજ્ય સરકાર, પોતાને નીચે મુજબની ખાતરી થાય તો સરકારી કર્મચારીને ઉપરના ખંડ(૧) અથવા (૨)માં દર્શાવેલ કોઈપણ લગ્ન અથવા લગ્નના કરાર કરવાની છૂટ આપી શકશેઃ

(ક) આવા સરકારી કર્મચારી અને લગ્નથી જોડાતી સામી વ્યકિતને લાગુ પડતા અંગત કાયદા હેઠળ આવું લગ્ન કરવાની છૂટ હોય, અને

(ખ) તેમ કરવા માટે બીજા કારણો હોય.

[૪]**૨૬-ક <u>સરકારી કર્મચારીઓએ નાનું કુટુંબ રાખવા બાબતઃ-</u>**

દરેક સરકારી કર્મચારીએ એ જોવું જોઈએ કે પોતાના બાળકોની સંખ્યા ત્રણ કરતાં વધે નહિ,

પરંતુ..

૧૯૭૭ના ઓકટોબર મહિનાની ૩૧મી તારીખે જેને ત્રણ કરતાં વધુ બાળકો હોય તે સરકારી કર્મચારીને આ નિયમમાંનો કોઈ મજકૂર લાગુ પડશે નહિ.

વધુમાં, ઉક્ત પરંતુકમાં ઉલ્લેખેલા સરકારી કર્મચારીએ એ જોવું જોઈએ કે તેના બાળકોની સંખ્યા તેને તે તારીખે જેટલાં બાળકો હોય તેની સંખ્યા કરતાં વધે નહિ.

([થ] સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૬-૧૦-૭૬ના જાહેરનામા ક્રમાંક જીએસ-૭૬-૮૮/સીડીઆર/૧૨૭૬/૨૫૧-ગ, થી આ મજકુર દાખલ કર્યો છે.)

૨૭. **અર્થઘટન :-**

આ નિયમોના અર્થઘટન અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે સરકારને પૂછાણ કરવું. આ સંબંધમાં સરકારનો નિર્ણય આખરી ગણાશે. સરકારે રાજ્યના પબ્લિક સર્વિસ કમિશન સાથે ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવો.

૨૮. **સત્તાની સોંપણી :-**

આ નિયમો હેઠળ સરકાર દ્વારા અથવા કોઈ ખાતા કે કચેરીના વડા દ્વારા અમલ કરી શકાય એવી (નિયમ ૨૭ અને આ નિયમ હેઠળની સત્તા સિવાયની) કોઈપણ સત્તાનો અમલ હુકમમાં કોઈ શરતો દર્શાવવામાં આવી હોય તો તેને આધીન રહી, સામાન્ય કે ખાસ હુકમમાં દર્શાવવામાં આવે એવા અધિકારી અથવા સત્તાધિકારી પણ કરી શકશે એવું સરકારી હુકમથી ફરમાવી શકશે.

૨૯. **રદ કરવા બાબત અને અપવાદ :-**

આ નિયમોને અનુરૂપ એવા જે કોઈ નિયમો અમલમાં હોય અને જેને આ નિયમો લાગુ પડે છે તે સરકારી કર્મચારીને લાગુ પાડી શકાય તેમ હોય તે આથી રદ થાય છે.

પરંતુ.

આ રીતે રદ થયેલા નિયમો હેઠળ કરવામાં આવેલ હુકમ અથવા લેવામાં આવેલ પગલું, આ નિયમોની તત્સમાન જોગવાઈઓ હેઠળ કરવામાં આવેલ હુકમ અથવા લેવામાં આવેલ પગલાં તરીકે લેખાશે.

વધુમાં, આ રીતે નિયમો રદ થવાથી, રદ થયેલ નિયમોના પૂર્વ-અમલને અસર થશે નહિ અને સદરહુ નિયમો પૈકી કોઈપણ ભંગ બદલ આ નિયમોનો ભંગ હોય એમ લેખીને શિક્ષા કરી શકાશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે,

**લ. ૨. દલાલ,**

સરકારના મુખ્ય સચિવ.

ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧

સામાન્ય વહીવટ વિભાગના નીચે જણાવેલ જાહેરનામાથી

આ નિયમોમાં જે સુધારાઓ કરવામાં આવેલ છે, તેની યાદીઃ

| ક્રમ | જાહેરનામા ક્રમાંક | તારીખ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | જીએસ-૩૬-૮૮/સીડીઆર-૧૨૭૬/૨૫૧/ગ, | ૧૫-૪-૧૯૭૬ |
| ૨ | જીએસ-૭૬-૮૮/સીડીઆર-૧૨૭૬/૨૫૧/ગ, | ૧૬-૧૦-૧૯૭૬ |
| ૩ | જીએસ-૭૯-૫૮/સીડીઆર-૧૨૭૮-૬૩૫૦/ગ, | ૧૬-૭-૧૯૭૯ |
| ૪ | જીએસ-૬૮/સીડીઆર-૧૨૮૧/૨૫૨/ગ, | ૧૭-૮-૧૯૮૩ |
| ૫ | જીએસ-૮૬-૩૦/સીડીઆર-૧૦૮૬/૮૯૩/તપાસ એકમ, | ૯-૭-૧૯૮૬ |
| ૬ | જીએસ-૩૭-૮૬/સીડીઆર-૧૦૮૫/યુ.ઓ.-૧૯૨/તપાસ એકમ, | ૨૨-૧૦-૧૯૮૬ |
| ૭ | જીએસ-૮૮-૭૨/સીડીઆર-૧૦૮૭/ યુ.ઓ.-૧૨/ખા ત એ, | ૨૧-૧૨-૧૯૮૮ |
| ૮ | જીએસ-૯૮-૨૩/સીડીઆર-૧૦૯૬/૨૮૯/ તપાસ એકમ, | ૨૩-૩-૧૯૯૮ |
| ૯ | જીએસ-૯૯/સીડીઆર-૧૦૯૮/૧૭૧/ તપાસ એકમ, | ૨૪-૩-૧૯૯૯ |
| ૧૦ | જીએસ-૯૯-૩૭/સીડીઆર-૧૦૯૬/૨૮૯/ તપાસ એકમ, | તા. ૫-૮-૧૯૯૯ |
| ૧૧ | જીએસ-૨૦૦૦-(૪૬)/સીડીઆર-૧૦૯૭/૧૨૪૬/તપાસ એકમ, | ૩૦-૧૧-૨૦૦૦ |
| ૧૨ | જીએસ-૨૦૦૫-(૮)/સીડીઆર-૧૧૨૦૦૫/યુઓ-૨૪૮-ત. એ. | તા.૧-૬-૨૦૦૫ |
| ૧૩ | જીએસ-૨૦૦૫-(૧૭)/ (સીડીઆર-૧૦૯૬/૨૮૯/તપાસ એકમ, | ૨૭-૭-૨૦૦૫. |
| ૧૪ | જીએસ-૨૦૦૮-(૮)સીડીઆર-૧૧૨૦૦૭-૯૫૯-તપાસ એકમ | ૨૮ -૭- ૨૦૦૮. |
| ૧૫ | જીએસ-૨૦૦૯-(૩૪)સીડીઆર-૧૧૨૦૦૯-૪૪૬-ત. એ. | તા. ૨૬-૧૦-૨૦૦૯ |
| ૧૬ | જીએસ-૨૦૧૨-(૩)સીડીઆર-૧૦૯૬-૨૮૯-ત.એ.:- | તા. ૧૦-૨-૨૦૧૨ |